જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૬/૨૦૨૨ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭ | ૫,૧૪,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પ્રોહી.ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી

## સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી હલ્કી ગુણવત્તાવાળા દારુને બ્રાન્ડેડ વિદેશી દારુની બોટલોમા ભરનાર ૧ ઈસમને વિદેશીદારુની બોટલો નંગ-૨૨ કિ.રૂ.૪૪,૮૪૩/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪૯,૮૪૩/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૨૩.૦૬.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો. તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.જયપાલસિહ વિજયસિંહ બ.ન.૩૭૬૯, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભાઈ બ.ન.૮૯૯૦, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવીણસિંહ બ.ન.૬૧૬૮, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો.અનિરુધ્ધસિહ ધીરુભાઈ તથા અહેકો વિષ્ણુદાન ઈશ્વરદાન નાઓને મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે મકાન મ.ન.એસ/૨ અભિલાષ એપાર્ટમેન્ટ, માણેકબાગ હોલની નજીક, સેટેલાઈટ, અમદાવાદ શહેર ખાતે રેઈડ કરી આરોપી કૃણાલ મયંકભાઈ મચ્છર ને વિદેશી દારુની બોટલો નંગ ૨૨ કિ.રૂ.૪૪,૮૪૩/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૪૯,૮૪૩/-ની મત્તા સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સેટેલાઈટ પો.સ્ટે. સી પાર્ટ ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૨૨૨૦૨૫૦/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫(એ,એ),૧૧૬(૧)(બી),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપીએ અન્ય નહી પકડાયેલ આરોપીઓની સાથે મળી એકબીજાની મદદગારીમા રહીને ઉંચી બ્રાંડની ખાલી બોટલોમાં હલકી ગુણવતાનો દારૂ ભરી તે બોટલ ઉપર તે જ ઉંચી બ્રાન્ડના સ્ટીકર લગાવી તે બ્રાંડની બોટલનુ ઢાંકણ તેના ઉપર મુકી હથોડી મારી બોટલ ઉપરનુ ઢાંકણ ફીટ કરી ઉચી બ્રાંડની બનાવટી દારુની બોટલો પોતાના આર્થીક ફાયદા સારુ ગેરકાયદેસર રીતે બનાવી ગુનો કરેલ છે.

## પકડાયેલ આરોપીઓ:

(૧) કૃણાલ મયંકભાઈ મચ્છર રહે. મ.ન.એસ/૨ અભિલાષ એપાર્ટમેન્ટ, માણેકબાગ હોલની નજીક, સેટેલાઈટ, અમદાવાદ શહેર

## વોન્ટેડ આરોપીઓ:

(૧) અભિષેક ઉર્ફે અભિ ઉર્ફે ભઈલુ જાતે મોદી રહે.શાહપુર અમદાવાદ (૨) ધર્મેશ ઉર્ફે કાંચો

## ગુનાની જગ્યા :

મ.ન.એસ/૨ અભિલાષ એપાર્ટમેન્ટ, માણેકબાગ હોલની નજીક, સેટેલાઈટ, અમદાવાદ શહેર ખાતેથી

## પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશી દારુની બોટલો નંગ ૨૨ કિ.રૂ. ૪૪,૮૪૩/-(૨) ખાલી કાચની બોટલો નંગ ૫૬ (૩) બોટલ ના ઢાંકણ નંગ ૬૭ (૪) સ્ટીકર નંગ ૧૬૨ (૫) રેપર નંગ ૪ (૬) ગરણી નંગ ૧ (૭) નાળચુ નંગ ૧ (૮) હથોડી નંગ ૧ (૯) મોબાઈલ ફોન નંગ ૧ કિ.૫૦૦૦/- (૧૦) લાઈટ બિલ કિ.૦૦ મળી કુલ્લે રુપિયા ૪૯,૮૪૩/-ની મત્તાનો મુદામાલ



# પાસા હેઠળ અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૬૩૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એકટ કલમ ૧૧(૬), ૧૨ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૬/૨૦૨૨ તા-૨૩/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૩/૦૬/૨૦૨૨ ના કલાક-૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૩/૦૬/૨૦૨૨

## આરોપીનુ નામ

ચિરાગ ગૌતમભાઇ ગઢવી (રહે.કુબેરદાસ મોદીની જુની ચાલી, પોસ્ટ ઓફિસની બાજુમાં સૈજપુર ટાવર પાસે, સૈજપુર, અમદાવાદ મુળ વતન ગામ મહિજ રોહિતવાસ તા.જી.ખેડા)

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો.જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૯૪ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બીયરટીન ૧ રીક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૭/૨૦૨૨**

**પાલડીઃ** નિર્મલભાઈ અમૃતલાલ રાવલ (ઉ.વ.૫૦)(રહે.શ્યામ-૬ સુંદરવન સોસાયટી જવાહરનગર વાસણા) તા.૧૯/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પાલડી ફતેહપુરા ચાર રસ્તા સુખશાંતી કોમ્પલેક્ષ પાસેથી પત્ની સાથે એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નિર્મલભાઇની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નિર્મલભાઈએ તા.૨૩/૦૬/૨૦૨૨ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૮/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** આશિષભાઇ હરેશભાઇ રાવલ (ઉ.વ.૧૫)(રહે.રાહુલ ફ્લેટ્સ ભરવાડવાસ વસ્ત્રાપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૨ બપોરના ૧/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઇ ધરમશીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નુઝહત ઈશ્તીયાકઅહેમદ મંસુરી (ઉ.વ.૩૨)(રહે.રાણાનો ખાંચો, ખાંડની શેરી અંદર જમાલપુર પગથીયા જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૨૦ વાગ્યા પહેલા ગુજરી બજાર સર્કલ પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રૂતીકા ડો/ઓ નીતેશભાઈ બલદાણીયા(ઉ.વ.૨૨)(રહે.હરીકૃપા સોસાયટી નિકોલ રોડ ખોડીયાર મંદિર પાસે આંબા તળાવ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૨ બપોરના ૩/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**નિકોલઃ** નિકોલ મુક્તિધામ એસ્ટેટ ચતુરભાઇની હવેલી કારખાનામાં એમ્બ્રોડરીનું કામ કરતા વિક્રમભાઇ ભવાનભાઇ ભરવાડ (ઉ.વ.૨૫)(રહે.ઇન્દીરાનગરનો ટેકરો, ભાથીજી મંદીર પાછળ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે કારખાનામાં બીમ સાથે કાપડના પટ્ટા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી